| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK210006982021 | | કેસ રજુ તારીખ | ૧૭/૦૭/૨૦૨૧ | | |
| | | કેસ દાખલ તારીખ | ૧૭/૦૭/૨૦૨૧ | | |
| | | ફેસલ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૪ | ૦૭ | ૨૪ |

## ફોર્મ–એ

**મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ**

**(કુલદીપ આર. શર્મા)શ્રીની અદાલત સમક્ષ, મુ. લાખણી.**

**ચુકાદાની તારીખ :–**

**ફોજદારી કેસ નં.:–૬૭૨/૨૦૨૧**

**ગુ.ર.નં.:–૦૧૦૦/૨૦૨૧**

**ગુન્હો :– ઈ.પી.કો.કલમ–,૪૯૮(ક),૩૨૩,૧૧૪ તથા દહેજ ધારા કલમ–૩,૭ મુજબ...**

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **શ્રી સરકાર** |
| **રજુ મારફતે :–** | વિ.એ.પી.પી.શ્રી વી.એ.જોષી |
| **આરોપી :–** | (૧) મનિષકુમાર સ/ઓ ધનજી ઉર્ફે ધનરાજજી જાતે–સોની<br>( ૨ ) ધનજી ઉર્ફે ધનરાજજી સ/ઓ હંજારીજી જાતે–સોની<br>( ૩ ) પુષ્પાબેન ઉર્ફે પુષ્પાદેવી વા/ઓ ધનજી ઉર્ફે ધનરાજ જાતે–સોની<br>તમામ રહે.મેઢસુનારોકાવાસ પુરાના જાટાવાસ બાડમેર રાજસ્થાન |
| **રજુ મારફતે :–** | વિ.વ.શ્રી શાંતિભાઈ.બી.માળી |

## ફોર્મ–બી

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૧૩–૦૨–૨૦૨૧ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | : | ૧૩–૦૨–૨૦૨૧ |
| આખરી અહેવાલની તારીખ | : | ૧૨–૦૩–૨૦૨૧ |

| | | |
|---|---|---|
| તહોમતનામાની તારીખ | : | ૧૫–૦૬–૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૧૫–૦૬–૨૦૨૨ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૧૧/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૧૦/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | : | |

**<u>આરોપીની વિગત :–</u>**

| આરોપી નો અ.નં | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સં. ની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | મનિષકુમાર સ/ઓ ધનજી ઉર્ફે ધનરાજજી જાતે–સોની | ૨૪/૦૨/૨૦૨૧ | ૨૪/૦૨/૨૦૨૧ | ૪૯૮(ક) ૩૨૩, ૧૧૪ તથા દહેજ ધારા કલમ–૩,૭ મુજબ | નિર્દોષ | – | –– |
| (૨) | ધનજી ઉર્ફે ધનરાજજી સ/ઓ હંજારીજી જાતે–સોની | ૨૪/૦૨/૨૦૨૧ | ૨૪/૦૨/૨૦૨૧ | ૪૯૮(ક) ૩૨૩, ૧૧૪ તથા દહેજ ધારા કલમ–૩,૭ મુજબ | નિર્દોષ | – | –– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૩) | પુષ્પાબેન ઉર્ફે પુષ્પાદેવી વા/ઓ ધનજી ઉર્ફે ધનરાજ જાતે–સોની | ૨૪/૦૨/૨૦૨૧ | ૨૪/૦૨/૨૦૨૧ | ૪૯૮(ક) ૩૨૩, ૧૧૪ તથા દહેજ ધારા કલમ– ૩,૭ મુજબ | નિર્દોષ | – | – – જ |

## ફોર્મ–સી

**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા તપાસવામાં આવેલ સાક્ષીની યાદી**

**(એ) ફરીયાદ પક્ષ :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ફ.સા.૧ | કવિતાબેન ડો/ઓ આત્મારામભાઈ જાતે–સોનીની જુબાની | ફરીયાદી | ૨૦ |
| ફ.સા.૨ | આત્મારામભાઈ ચોથાભાઈ જાતે–સોનીની જુબાની | સાહેદ | ૩૮ |
| ફ.સા.૩ | જયશ્રીબેન ડો/ઓ આત્મારામભાઈ જાતે–સોનીની જુબાની | સાહેદ | ૪૦ |
| ફ.સા.૪ | આશાકુમારી બદ્રીસપ્રસાદ શાહની જુબાની | ત.ક.અ. | ૫૦ |

**(બી) બચાવ પક્ષે સાક્ષી, જો હોય તો :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | |
|---|---|---|---|
| ફ.સા.૧ | નારણદાસ તુલસારામ સોની | સાહેદ | ૫૯ |
| ફ.સા.૨ | અશોકકુમાર હરચંદજી સોની | સાહેદ | ૬૦ |

**(સી) અદાલત ધ્વારા સાક્ષી, જો હોય તો :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | – – |

**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :–**

**(એ) ફરીયાદ પક્ષ :–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ફ.૧ | ૨૧ | ફરિયાદ |
| ફ.૨ | ૨૨ | ફરિયાદીની અરજી અસલ |
| ફ.૩ | ૫૧ | સૂચિપત્ર |

**<u>(બી) બચાવ પક્ષ :–</u>**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**<u>(સી) અદાલત ધ્વારા :–</u>**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | –– | – |

**<u>(ડી) મટીરીચલ ઓબ્જેકટસ :–</u>**

| અનુ. નં. | મટીરીચલ ઓબ્જેકટ નંબર | વિગત |
|---|---|---|
| – | –– | – |

**:: <u>ઠરાવ</u> ::**

(૧) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના ફરિયાદીને તેમના પતિ જે તોહો નામે મનીષભાઈ ધનજી સોની તથા સાસું પુષ્પાબેન વા/ઓ ધનજીભાઈ સોની તથા સસરા ધનજીભાઈ હંજારીજીભાઈ સોની તમામ રહે.રાજસ્થાન ના બાડમેર ખાતે કલ્યાણપુરા વિસ્તારમાં જોગમાયા મંદિરની બાજુમાં સોનીવાસ રાજસ્થાન વાળાનાઓએ ભેગામળી ફરિયાદી પાસે

ખોટી રીતે દહેજ પેટે વધુ રકમ માંગી અને શારીરીક માનસીક ત્રાસ આપી તથા તહેમતદાર નં.૧ નાઓએ ફરિયાદી સાસુ સસરાની ચઢામણીથી ફરિયાદીને અવાર નવાર માર મારી, ઘરમાંથી ફરીયાદીના પિતાજી સાથે કાઢી મુકી, ગુનો કરવામાં એક બીજાની મદદગારી કરી, ગુનો કરેલ હોય, તે મુજબની ફરીયાદ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદીએ ફરીયાદ આપેલ જે ભીલડી પો.સ્ટે પાર્ટ એ ગુ. ર. નં.૦૧૦૦/૨૦૨૧ થી નો નોંધાવતા આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ક. ૪૯૮(ક),૩૨૩,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩,૭ મુજબનો ગુન્હો નોંધી તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતાં આ કામે હાલનું આંક–૧ નું ચાર્જશીટ કરવામાં આવેલ.

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતાં આરોપીઓ અદાલતમાં હાજર રહેતાં આરોપીઓને વિનામુલ્યે પોલીસ તપાસના કાગળો મળ્યાની ખાત્રી કર્યા બાદ તેઓની સામેના ગુના અંગે સમજ આપી ગુના સબબ આરોપીઓ સામે આંક– ૯ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તહોમતનામા સબબ આરોપીઓના નિવેદન આંક–૧૦ થી ૧૨ સુધી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તેમની સામેના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે. જેથી આરોપીઓ સામે ગુનાની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. અને ફરિયાદ પક્ષ અને બચાવપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે.

( ૩ ) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફથી એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતી કરી ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષના પુરાવાના અંતે આ કામના આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાની સામે નીકળી આવતા સંજોગોનો ઈન્કાર કરી ફરિયાદપક્ષે તેઓ સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. તથા ફરિયાદીને ઘરસંસાર કરવાનું ન હોય અને આરોપી નં.૧ હેવી શરિર અને વધુ વજન હોય આથી ફરિયાદીને ગમતા ન હોય ઘર ના

કરવા સારું ખોટી ફરિયાદ કરીને હેરાન પરેશાન કરવા સારું ખોટી ફરિયાદ કરેલ છે. ત્યારબાદ સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી વી.એ.જોષી તેમજ આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી, એસ. બી. માળીની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી કવીતાબેન આત્મારામ સોનીને આંક–૨૦ થી તપાસવામાં આવેલા છે. ફરીયાદી પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં એવી હકીકત જણાવે છે કે, ફરીયાદી પાંચ ભાઈ બહેન છે. ફરીયાદીના લગ્ન પાંચ વર્ષ પહેલા તા.૨૯.૪.૧૮ ના રોજ બાડમેરના મનીષકુમાર ધનજી સોની સાથે સામાજીક રીતરીવાજ મુજબ થયેલા. ફરીયાદીના લગ્ન વખતે ફરીયાદીના પિતાએ કરીયાવરમાં ૫૦ ગ્રામ સોનાનો હાર,૫૦ ગ્રામનો હાથ પંજો, ૨૦ ગ્રામની વીંટી નંગ ૩, ચાંદીનો થાળી લોટો, ૫૦ ગ્રામનો કંદોરો, કપડા, ફ્રીજ, ટીવી, ફર્નીચર એમ કુલ રુ. ૯,૦૦,૦૦૦/– નો કરીયાવર આપેલો. લગ્ન બાદ ફરીયાદી સાસરે ફરીયાદીના પતિ, સાસુ પુષ્પાબેન તથા સસરા ધનજીભાઈ સાથે રહેતી હતી. ફરીયાદીની સાસુ નાની બાબતોમાં વાંક કાઢી ફરીયાદીના પતિ પાસે ફરીયાદીને માર ખવરાવતા હતા. ફરીયાદીના સસરા ફરીયાદીને મહેણા ટોણા મારતા હતા કે દહેજમાં કંઇ લાવેલ નથી અને ફરીયાદીના પતિ પાસે ફરીયાદીને મારઝુડ કરાવતા હતા. ત્યારબાદ ફરીયાદીના સાસુ સસરા અને પતિએ ફરીયાદીને કહેલ કે તુ દહેજમાં કંઈ લાવેલ નથી તારા પિતા પાસેથી બાડમેરમાં દુકાન કરવા માટે રુપીયા ત્રણ લાખ લઈ આવવા જણાવેલ. ત્યારબાદ આ વાત ફરીયાદીના પિતાને કરેલી, ફરીયાદીના પિતાએ ફરીયાદીના પતિ, સાસુ–સસરાની હાજરીમાં રુપીયા ત્રણ લાખ ફરીયાદીના સસરાને આપેલા. આ પૈસા ફરીયાદીના સસરાએ વાપરી નાખેલ અને ફરી ફરીયાદીને કહેલ કે ત્રણ લાખે થોડી દુકાન થાય તેમ કહી બીજા દસ લાખ રુપીયાની માંગણી કરેલ. ફરીયાદીના પિતાએ એવુ કહેલ કે આટલા

રુપીયાની મારાથી વ્યવસ્થા થાય તેમ નથી તેથી ફરીયાદી ના પતિ, સાસુ સસરા ફરીયાદી ને શારીરીક માનસીક ત્રાસ આપતા હતા અને ખોટી રીતે હેરાન પરેશાન કરવા લાગેલ. ફરીયાદી ના પતિ ફરીયાદી ના સાસુ સસરાની વાતોમાં આવી કેટલીક વાર ફરીયાદી ને દીવાલ સાથે માથું ભટકાવતા હતા અને લાકડી વડે માર મારતા હતા. એ વાત ફરીયાદી એ તેમના પિતાને ફોન ધ્વારા કરેલ. જેથી ફરીયાદી ના પિતા ફરીયાદી ના સાસરે આવેલ અને કહેલ કે આટલા પૈસાની સગવડ મારી પાસે થાય તેમ નથી તેથી ફરીયાદી ના સસરાએ ફરીયાદી ના પિતા સાથે ધક્કા મુકી કરેલ અને કહેલ કે તમારી દીકરીની અમારે જરુર નથી. પૈસા થાય ત્યારે પરત મુકી જજો. ત્યારબાદ ફરીયાદી ને પહેરેલ કપડે ફરીયાદી ના પિતા પાસે કાઢી મુકેલ અને આજદીન સુધી લેવા આવેલ નથી. બનાવ અંગે ફરીયાદી એ ફરીયાદ નોંધાવેલી.

બચાવપક્ષ દવારા હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે, તેઓએ ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરેલ છે.ફરીયાદી એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ગુજરાતી હિંન્દી તથા અંગ્રેજી લખતા આવડે છે.ફરીયાદી એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ફરિયાદીનો જન્મ ડીસા મુકામે થયેલ હતો અને ફરિયાદીના પિતા અને ફરિયાદી વર્ષોથી ડીસા મુકામે રહે છે.ફરીયાદી એ વાતનો સ્વિકાર કરેલ છે કે,ફરીયાદી ના પિતાને ત્રણ ભાઈઓ છે,ફરિયાદીના બે કાકા ડીસા મુકામે રહે છે,ફરિયાદીના કાકા મસરાજી ડીસા મુકામે રહે છે,ફરિયાદીના એક કાકા પોલિસ ઓફિસર છે અને અમદાવાદ મુકામે રહે છે.એ વાતની ફરિયાદીને ખબર નથી કે,તેઓ અમદાવાદના કયા પોલિસ સ્ટેશનમાં નોકરી કરે છે.એ વાતનો સ્વિકાર કરેલ છે કે,ફરિયાદીના સગાઈ લગ્નના આઠ વર્ષ અગાઉ મનીષભાઈ સાથે થયેલ. સગાઈ સમયે ફરીયાદી તથા ફરીયાદી ના પતિ પ્રાથમીક શાળામાં ભણતા હતા.ફરીયાદી એ વાતનો ઈન્કાર કરેલ છે કે, લગ્ન સમયે હું એન્ડ્રોઈડ મોબાઈલ ફોન વાપરતી હતી.ઉલટ તપાસમાં આરોપીના વિધવાન વકિલ શ્રીને ફરિયાદીને પ્રશ્ન પુછેલ કે તમે ક્યારથી એન્ડ્રોઈડ

ફોન વાપરતા હતા ? ફરિયાદીએ પ્રશ્નનો જવબ આપતા જણાવેલ કે,લગ્ન થયા બાદ છ સાત મહિના બાદ મારા પતિએ આપેલ અને થોડા દિવસબ બાદ પરત લઈ લિધેલ. ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,ફરિયાદીને ફરીયાદી ના પતિને મળવાનુ થયેલ નહી, ફરીયાદી એ તેઓના પતિને તેઓના લગ્ન થયેલ તે વખતે પ્રથમ વખત જોયેલા તે પહેલા જોયેલ નહી.એ વાતની ફરિયાદીને ખબર નથી કે,ફરિયાદીનું સાસરી વાળું ઘર મેઈન બજારમાં વચ્ચો વચ્ચ આવેલ છે કે કેમ?,ફરિયાદી સ્વેચ્છાએ જણાવેલ છે કે,કલ્યાણપુરા સોસાયટીમાં મંદિરની બાજુમાં રહેતા હતા.ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, ફરીયાદી ના સાસરીવાળા ઘરની આજુબાજુ બીજા સોની તથા અન્ય સમાજનો ઘરો આવેલા છે, ફરીયાદી ના સાસરીવાળી ઘરની બાજુમાં આવેલ મંદીર લોકોની અવર જવર રહે છે,ફરિયાદીની આંક–૨૨ વાળી અરજીમાં કોમ્પ્યુટર ટાઈપમાં કે પેનથી તારીખ લખેલ નથી અને આંક–૨૨વાળી અરજી કોમ્પ્યુટરાઈઝ ટાઈપ કરેલ છે.ફરિયાદીએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,આંક–૨૨વાળી અરજી ફરિયાદીના વકીલે તૈયાર કરેલી અને ફરિયાદીએ માત્ર સહી કરેલી.ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,ફરિયાદીએ બાડમેર ખાતે કોઈ ફરીયાદ આપેલ નથી.ફરિયાદીએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,બનાવ અંગેની વાત ફરીયાદી એ મામા કે ફોઈ કે અન્ય કોઈને કરેલ નહી ,ફરિયાદીએ બનાવ અંગેની વાત ફરિયાદીના મામા અશોકભાઈ તથા ફરીયાદી ના પિતા અને કાકાને કરેલ, ફરીયાદી ને બે ફઈ છે, જેઓનું પાટણ તથા રાજસ્થાન ધોરીમત્રા ખાતે સાસરુ આવેલ છે. બનાવ અંગેની વાત ફરીયાદી ના ફઈઓને કરેલ નહી.ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,ધોરી મન્ના ખાતે મારી બેન ભગવતિબેનનું સાસરું આવેલ છે,ફરિયાદી અને ફરિયાદીના બેન ભગવતીબેનના લગ્ન સાથે થયેલ અને બન્નેની જાનો પણ એક દિવસે ડીસા મુકામે આવેલી,ફરિયાદીને વાનેળું(ડાંડિયારાસ) પણ ડીસા મુકામે કાઢેલું.ફરિયાદીએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,લગ્ન થયા બાદ થી ડીસા મુકામે રહું છું.ફરિયાદી સ્વેચ્છાએ જણાવે છે કે,પહેલાં અમો ગોઢા રહેતા હતા, ત્યારબાદ લગ્ન કરવા ડીસા મુકામે

આવેલા.ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,ડીસા મુકામે ફરિયાદીની માલિકીનું મકાન આવેલ છે, સાસરીવાળાના ત્રાસનો ફરિયાદીએ બાડમેર મહીલા હેલ્પ લાઈન ઉપર ફોન કરેલ નહી.લગ્ન સમયે ફરીયાદી ની ઉંમર ૧૮ અને ફરીયાદી ના પતિની ૨૧ વર્ષની હતી. હવે ફરીયાદી કહે છે, કે મારા પતિની ઉંમર કેટલી હતી તે હાલ મને યાદ નથી,મારા સસરા હાલમાં રાજસ્થાનમાં શિક્ષક તરીકે નોકરી કરે છે અને મારા સાસું ઘરકામ કરે છે.ફરિયાદીએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,મારા લગ્ન વખતે ફરિયાદીના પતિ અભ્યાસ કરતા હતા.ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,બાડમેર ખાતે અમારા સમાજના પ્રસંગમાં અમો જતા હતા, બાડમેર ખાતે મારા દુરના માસી રહે છે.ફરિયાદીએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,બાડમેર ખાતે મારા બીજા સગા પણ રહે છે.ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,મારુ મોસાળ બાડમેર જીલ્લામાં આવેલ છે.એ વાતની મને ખબર નથી કે મારું મોસાળ બાડમેર મારી સાસરીથી નજીક થાય છે.ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,મારી સાસરીમાં મારા પતિ તથા મારા દિયર હતા,મારા દિયર અભ્યાસ કરે છે.ફરિયાદીએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,મારા સસરાએ બાડમેર ખાતે શિક્ષકની પરિક્ષા આપવવા મારા પિતા સાથે બાડમેર બોલાવેલ,અમારા સમાજમાં સાટા પદ્ધતિથી લગ્ન થાય છે અને બીજું પાત્ર ન હોય તો પૈસા આપીને પણ લગ્ન થાય છે,મારા પિતાને હાલમાં સાડીની દુકાન ડીસા ભગવતિ કોમ્પલેક્ષમાં આવેલી છે,આ દુકાન કેટલા વર્ષથી મારા પિતા ચલાવે છે તે હાલમાં મને યાદ નથી.ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,આ દુકાન મારા પિતા ભાડેથી ચલાવે છે માલિકીની નથી,મારા પિતા આ દુકાન કરી તે અગાઉ સોની કામ કરતા હતા.એ વાતની ફરિયાદીને ખબર નથી કે,મારા પિતાને સોની કામમાં સારો નફો થતો ન હોય,સાડીની દુકાન કરેલ.ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,મેં ભરણ પોષણની અરજી ડીસા કોર્ટમાં કરેલ છે,જેનો ક્રી. પર. અરજ નં. ૧૨૦/૨૧ છે. આંક ૨૨ વાળી અરજીમાં મારુ સરનામું ગોઢા, રબારીવાસ તા. લાખણી લખેલ છે. ક્રી. પર. અરજ નં. ૧૨૦/૨૧ ના કામે મારુ સરનામુ વડલીફાર્મ, તા. ડીસા લખેલ છે, આંક ૨૧ વાળી ફરીયાદમાં મે બંને સરનામા લખેલ છે જેમાં હાલ રહે. વડલીફાર્મ તા. ડીસા લખેલ છે, લગ્ન બાદ હું મારી સાસરીમાં પ્રથમ વખત કેટલા દિવસ રોકાયેલ તે હાલ મને યાદ નથી.ફરિયાદીએ

એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મે ડીસા કોર્ટ ખાતે છુટા છેડા લેવા અરજી કરેલ છે,મારા મમ્મિના ફઈબાના લગ્ન બાડમેર મુકામે થયેલ છે,મારા માતૃશ્રીની કાકા બાપાની બેન કમળાબેનના લગ્ન આરોપીના કુંટુંબમાં થયેલા છે.આ કામના આરોપી ફરિયાદીને અહીંથી તેડી જવા તૈયાર હોય તો ફરિયાદી સાથે જવા તૈયાર નથી.ફરિયાદી સ્વચ્છાએ જણાવે છે કે,મેં ડીસા કોર્ટમાં અરજી કરેલી તેમાં આરોપીએ જણાવેલ કે સમાજના સારા પાંચ માણસો લઈને આવો અને ખાતરી આપો કે,ભવિષ્યમાં હેરાન કરસો નહીં તેમ છતાં તેઓ કોઈ માણસોને લઈને આવેલ નથી. જેથી હું જવા તૈયાર નથી.ફરિયાદીએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,આરોપીએ મને તેડી જવા માટે સાંચોર મુકામે પંચના માણસો ભેગા કરેલ હતા, હાલ આરોપી હું કહું તે લોકોને લઈને આવે મને સારીરીતે રાખવાની ખાતરી આપે અને તેડી જાય તો હું જવા તૈયાર છું,મેં આંક –૨૨ની અરજીમાં ``મને ઘરમાંથી કાઢી મુકેલ તે વખતે મારા પિતાજીએ આજુબાજુના સમાજના માણસોને વાત કરતા મારા સાસું ,સસરા, જમાઈ વાત માનેલ નહીં`` તેવી હકિકત મેં આંક–૨૧વાળી ફરિયાદમાં જણાવેલ નથી. ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, આંક–૨૨ વાળી અરજી મારા માતા પિતાએ તૈયાર કરીને પોલીસને આપેલી.ફરિયાદીએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, મે મારી ફરીયાદમાં મારા પિતાએ ત્રણ લાખ આપેલા તે ક્યા માધ્યમ દ્રારા આપેલા તે જણાવેલ નથી, આ ત્રણ લાખ કોની હાજરીમાં આપેલા તેવી હકીકત પણ લખાવેલ નથી.ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,આ ત્રણ લાખ રુપિંયાનો વ્યવહાર મારી હાજરીમા થયેલ નથી. ફરિયાદી સ્વેચ્છાએ જણાવે છે કે મારા પિતાએ મારા સસરાને તેમના ઘરે બાડમેર મુકામે આપેલા. ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,હુ મારા સાસરી કે મારા પિયર મારા પિતા સાથે આવેલી. ફરિયાદી સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપીએ મને મારકુટ કરી કાઢી મુકેલી જેથી મારા પિતા સાથે આવેલી.ફરિયાદીએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,હુ મારા પિતા સાથે પિયર ચોક્કસ કઈ તારીખે આવેલી તેવી હકીકત ફરીયાદમાં જણાવેલ નથી, મે કહેવાતો બનાવ અને કહેવાતો આક્ષેપ ચોક્કસ કઈ તારીખે બનેલો તેવી હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. એ વાતની મને ખબર નથી કે, આરોપીએ મારી સામે બાડમેર મુકામે કોર્ટમાં લગ્ન હક્કો પુરા કરવાનો કેસ કરેલો છે કે કેમફરિયાદીએ એ

વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીઓ મને હુ જેટલો સમયો આરોપીઓના ત્યાં રહી તે સમયે સારી રીતે રાખતા હતા,આરોપીઓએ મને ફરીયાદમાં જણાવેલ કોઈ પણ શારીરીક કે માનસીક ત્રાસ આપેલ નથી કે માર પણ મારેલ નથી, મારા પતિ શરીરમાં જાડા હોય તેથી મને ગમતા ન હોય જેથી હુ તેમના ઘરે જવા તૈયાર નથી, હુ છેલ્લા ચાર પાંચ વર્ષથી મારા પિયરમાં છુ, મારો સ્વભાવ જીદ્દી હોવાથી હુ આરોપીઓ સાથે રહેવા માંગતી નથી, મે આરોપીઓ વિરુધ્ધમાં ખોટી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.

(૫) ફરીયાદપક્ષે આંક-૩૮ થી સાહેદ આત્મારામ ચોથારામ સોનીને તપાસવામાં આવેલા છે. સદર સાહેદ સોગંદ ઉપરની સરતપાસમાં એવી હકીકત જણાવે છે કે, સાહેદની દીકરીએ હાલની ફરીયાદ કરેલી તે વખતે સાહેદ ડીસા મુકામે રહેતા હતા. સાહેદ ની દીકરીનું નામ કવિતાબેન છે. સાહેદ ની દીકરી કવિતાના લગ્ન તા.૨૯/૦૪/૨૦૧૮ના રોજ બાડમેરના રહેવાસી મનિષકુમાર ધનજીજી સાથે થયેલા. સાહેદ ની દીકરીના લગ્ન કરેલ તે વખતે સાહેદે તેમની દીકરીને સોના-ચાંદીના દાગીના આપેલ હતા. જેમાં ૫૦ ગામનો સોનાનો હાર ૫૦ ગ્રામનો સોનાનો હાથનો પંજો, ૩ સોનાની વીંટી દરેક ૨૦ ગ્રામની, ૪૦ ગ્રામની સોનાની ચેઈન, ચાંદીની થાળી, વાટકી, લોટો અને ૫૦૦ ગ્રામ ચાંદીનો કંદોરો અને પગની પાયલ તે સિવાય ઘરની ઘરવખરી, પલંગ, ખાટલા, કુલર, એલ.સી.ડી. ટી.વી., ફ્રીજ વિગેરે આપેલ હતું. લગ્ન બાદ સાહેદ ની દીકરી તેના સાસરે બાડમેર મુકામે રહેવા ગયેલી ત્યાં તેના પતિ, સાસુ-સસરા, દિયર એમ બધા સંયુકત કુટુંબમાં રહેતા હતા. ત્યારબાદ સાહેદ ની દીકરીને આરોપીઓ નાની નાની બાબતમાં ત્રાસ આપતા હતા. અને એવું કહેતા કે " તારા બાપે શું આપ્યુ છે અને અમારે ધંધો કરવો હોય તારા બાપના ત્યાંથી પૈસા લઈ આવ" તેવું કહેતા હતા ત્યારબાદ આરોપીઓએ સાહેદ ની પાસે પણ રકમની માંગણી કરતા સાહેદે રૂા.૩,૦૦,૦૦૦/-આરોપીઓને આપેલા. ત્યારબાદ પણ સાહેદ ની દીકરીને તેના પતિ મારકુટ કરતા હતા અને તેની સાસુ તેણીને ત્રાસ આપતી હતી અને

કહેતી કે તું અમારા લાયક નથી. અને ત્યારબાદ સાહેદ ની દીકરીએ સાહેદ ને ફોન કરીને ઉપરોકત મારકુટ અને ત્રાસની વાત કરેલી. ત્યારબાદ સાહેદ બાડમેર મુકામે ગયેલા. ત્યાં સાહેદ ની સાથે પણ તઓની દીકરીના સસરાએ તેઓની સાથે બોલાચાલી કરેલી અને તેઓને એવું કહેલ કે તમારી દીકરીને સમજાવીને અમારી ત્યાં મોકલજો અને **તેમ કહી તઓની દીકરીને ધકકો મારી પહેરેલ કપડે તેઓની સાથે કાઢી મુકેલ જેથી સાહેદ તેઓની દીકરીને લઈને ડીસા આવેલા. ત્યારબાદ સાહેદે સમાજના માણસોને આ બાબતે વાત કરેલી પરંતુ સમાજના માણસોએ એવું જણાવેલ કે આ આરોપીઓ માથાભારે માણસો છે તેમનું કશું થાય નહિ. ત્યારબાદ બાર માસ સાહેદની દીકરી રાહ જોઈને ઘરે બેસેલ પરંતુ ત્યારબાદ પણ કોઈ નિરાકરણ ના થતાં સાહેદની દીકરીએ હાલની ફરીયાદ કરેલી.** બનાવ અંગે પોલીસે સાહેદનું નિવેદન લીધેલું. આરોપીઓને સાહેદ ઓળખે છે જે પૈકી આજરોજ સાહેદના વેવાઈ ધનજીભાઈ હાજર છે બાકીના હાજર નથી.ઓળખ અંગે તકરાર નથી.

બચાવપક્ષ દવારા હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે, સાહેદે ધોરણ–૭ સુધી અભ્યાસ કરેલ છે. સાહેદને થોડું ઘણું ગુજરાતી લખતા વાંચતા આવડે છે.હિન્દી લખતા કે વાંચતા આવડતું નથી.સાહેદને કુલ ત્રણ ભાઈઓ છે. સાહેદની સિવાય તેમના ભાઈ ઉમાજી જેઓ પોલીસમાં નોકરી કરે છે અને બીજા ભાઈનું નામ મશરાજી છે જેઓ મજુરી કામ કરે છે. અને તેઓના ભાઈ ઉમાજી છેલ્લાં. પચ્ચીસ વર્ષથી પોલીસમાં એ.એસ.આઈ.ની પોસ્ટ ઉપર નોકરી કરે છે.

સાહેદે એ વાત નો ઈન્કાર કરેલ છે કે, ઉમાજી પોલીસમાં નોકરી કરતા હોઈ જેથી પોલીસમાં સારા સંબંધો છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સાહેદને તેઓનાભાઈ ઉમાજી સાથે કોઈ સંબંધ નથી. સાહેદના ભાઈ ઉમાજી પ્રસંગોપાત સાહેદના ઘરે આવે જાય છે તે સિવાય બીજો કોઈ સંબધ નથી.સાહેદે એ વાત નો ઈન્કાર કરેલ છે કે, સાહેદને તેઓના ભાઈ સાથે અઠવાડિયામાં એકાદ વખત વાત–ચીત થાય છે, તેઓની ત્રણેય દીકરીઓના લગ્ન એક સાથે કરેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બે દીકરીઓના લગ્ન એક સાથે કરેલા. સાહેદે તેઓની

દીકરીના લગ્ન ડીસા મુકામે વડલીફાર્મમાં કરેલા.લગ્ન પહેલાં તેઓની દીકરીની સગાઈ આરોપી સાથે આશરે બે કે ત્રણ વર્ષ ચાલેલી. સાહેદે એ વાત નો ઈન્કાર કરેલ છે કે,સગાઈથી લગ્ન દરમ્યાનના ગાળામાં સાહેદ આરોપીઓના ઘરે જતા અને આરોપીઓ સાહેદના ઘરે આવતા હતા.સાહેદે એ વાત નો ઈન્કાર કરેલ છે કે,તેઓની દીકરીનું સગપણ જોવા માટે તેઓ તેઓના સગા-વ્હાલા અને સમાજના માણસોને સાથે લઈને ગયેલ હતા.સાહેદ છેલ્લા પાંચ વર્ષથી સાડીની દુકાન ભાગીદારીમાં ચલાવે છે. અને તે દુકાનમાં ,સાહેદના ભાગીદાર ભુરાભાઈ માલાભાઈ રબારી ડીસા તાલુકાના નાગપરા ગામના છે. આ દુકાન ભાડાની છે. સાહેદ ઈન્કમટેક્ષ ભરતા નથી. સાહેદને વાર્ષિક દોઢ લાખની આવક છે.સાહેદ એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ વાર્ષિક દોઢ લાખની આવક ધરાવતો હોઈ સરતપાસમાં જણાવેલ મુજબનો કરિયાવર મારી દીકરીને આપી શકું નહિ. સાહેદ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,તેઓના વેવાઈ બાડમેર મુકામે શિક્ષક તરીકે નોકરી કરે છે.સાહેદ એ વાત નો સ્વિકાર કરેલ છે કે,તેઓની દીકરીએ ભરણ પોષણ મેળવવા માટે ડીસા કોર્ટમાં અરજી દાખલ કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓએ દાખલ કરાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓની દીકરીએ ડીસા કોર્ટમાં છુટાછેડાનો કેસ પણ દાખલ કરેલ.સાહેદ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,તેઓની દીકરીને તેના પતિ સાથે જવું ના હોઈ જેથી છુટાછેડાનો કેસ દાખલ કરેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓની દીકરીને આરોપીઓ દુખ ત્રાસ આપતા હોઈ મારકુટ કરતા હોઈ તેઓની દીકરી જવા માંગતી નથી. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે,આરોપી તેઓની દીકરીને અગાઉ પણ સારીરીતે રાખતા હતા અને હાલમાં પણ સારીરીતે રાખવા તૈયાર છે અને લઈ જવા પણ તૈયાર છે.સાહેદ એ વાતનો સ્વિકાર કરે છે કે,તેઓના વેવાઈ જે જગ્યાએ રહે છે.તે મકાન બાડમેર મુકામે શહેરની વચ્ચો વચ્ચ આવેલ છે.અને તેની આજુબાજુ સોની પરિવારના લોકો રહે છે.સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે,તેઓનો સગા વ્હાલાઓ પણ આરોપીના ઘરની આજુબાજુમાં રહે છે. લગ્ન બાદ તેઓની દીકરીને તેડવા માટે તેઓ બે વખત ગયેલા અને ત્રીજી વખતે આરોપીઓએ તેઓની દીકરીને કાઢી મુકેલી.સાહેદનું સાસરું રાજસ્થાન મુકામે સડા ગામ, તાલુકો સિંદરીમાં આવેલ છે.સાહેદની દીકરીએ ડીસા કોર્ટમાં ભરણ

પોષણની અરજી કરેલી તેમાં સાહેદ કે સાહેદની પત્નિની કે સાહેદના પરિવારની જુબાની થયેલ નથી.સાહેદ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,તેઓની પત્નિના ફઈ સાસુ બાડમેર મુકામે રહે છે.સાહેદ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,તેઓની સાળી પણ બાડમેર મુકામે રહે છે. તેઓના સગા બેન સુરજબેન ધોરીબંન્ના ગામમાં રહે છે,તેઓના સાળી બાડમેર જીલ્લાના ઉત્તરલઈ ગામે રહે છે.આરોપીઓએ સરતપાસમાં જણાવ્યા મુજબની હકીકતે સાહેદની દીકરીને ત્રાસ આપેલ જેની વાત સાહેદે તેઓના સગા વ્હાલાઓને કરેલ. સાહેદે આ હકીકત પોલીસને લખાવેલ નથી. સાહેદના વેવાઈના ઘરથી દોઢ કિ.મી.ના અંતરે પોલીસ થાણું આવેલ છે કે કેમ ? તેની સાહેદને ખબર નથી. સાહેદના જમાઈનો અભ્યાસ હાલમાં ચાલુ છે કે કેમ ? તેની સાહેદને ખબર નથી. સાહેદે તેઓની દીકરીની સગાઈ કરેલ તે વખતે સાહેદે તેઓના જમાઈને જોયેલ નહિ.સાહેદની દીકરીએ પણ લગ્ન સુધી સાહેદના જમાઈને જોયેલ ન હતા સાહેદે જમાઈને મેં કોર્ટમાં તારીખે જોયેલા છે. સાહેદ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,તેઓએ સરતપાસમાં જે દાગીનાની હકીકત જણાવી ગયા તે તમામ દાગીના તેઓની દીકરી પહેરીને તેઓની સાથે આવેલી,સાહેદ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,તેઓએ આરોપીઓને રૂા.૩,૦૦,૦૦૦/– કયા માધ્યમથી અને કોની હાજરીમાં આપેલા તેની કોઈ હકીકત તેઓના નિવેદનમાં જણાવેલ નથી.સાહેદ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,રૂા.૩,૦૦,૦૦૦/–ની વ્યવસ્થા તેઓએ કેવી રીતે કરેલ તેની કોઈ હકીકત તેઓના નિવેદનમાં જણાવેલ નથી.સાહેદ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,આ કામના આરોપીઓ તેઓની દીકરીને તેડવા તૈયાર હતા તે બાબતે સાંચોર મુકામે બે થી ત્રણ વખત મીટીંગ થયેલી,સાહેદ એ વાતનો સ્વિકાર કરેલ છે કે,તેઓની દીકરીને આરોપીએ મારકુટ કરેલી તે બાબતની કોઈ સારવાર કરાવેલ નથી.સાહેદ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,તેઓ સરતપાસમાં જણાવી ગયા તેવો કોઈ દુખ ત્રાસ કે મારકુટ આરોપીઓએ તેઓની દીકરીને કરેલ નથી,તેઓની દીકરીના સમર્થનમાં તેઓ ખોટી જુબાની આપે છે.

( ૬ ) ફરીયાદપક્ષે આંક–૪૦ થી સાહેદ જયશ્રીબેન આત્મારામભાઈ સોનીને તપાસવામાં આવેલા છે. સદર સાહેદ સોગંદ ઉપરની સરતપાસમાં એવી હકીકત

જણાવે છે કે, સાહેદ કુલ પાંચ ભાઈ બહેનો છીએ.જેમાં સૌથી મોટા બેન કવીતા બેન છે.કવીતાબેન ના લગ્ન પાંચ વર્ષ પહેલા બાડમેર ગામે મનીષ કુમાર ધનજીરામ સોની ના ત્યાં કરેલા.લગ્નમા સાહેદની બેન ને સોનાનો હાર, સોનાનો હાથ પંજો, સોનાની વીટી,સોનાની ચેન ,ફીજ,કુલર, વાસણ,પલંગ, તીજોરી, ચાંદીના થાળી લોટા,એમ કુલ કેટલા રુપીયાની વસ્તુ આપેલી તે હાલ તેઓને યાદ નથી.લગ્નબાદ સાહેદની બેન તેના સાસરે રહેવા ગયેલી ત્યાં એક બે માસ સાહેદની બેનને સારીરીતે રાખેલી અને ત્યાર બાદ સાહેદની બેન ને તેના પતિ એ દુકાન કરવા માટે પૈસાની માંગણી કરેલી અને તે માટે ત્રાસ આપવાનુ શરુ કરેલુ.જેથી સાહેદ ના પિતાએ સાહેદની બેન નો ઘર સંસાર બગડે નહી તેથી સાહેદની બેન સાથે ત્રણ લાખ રુપીયા મોકલેલા જે આરોપીને આપવાના હતા અને તે પૈસા લઈ ગયા બાદ થોડા સમય પછી ફરીથી સાહેદની બેન ને તેના પતિ અને સાસુ સસરા દુખ ત્રાસ આપતા હતા.જેમા સાહેદની બેનને તેના પતિ મારકુટ કરતા હતા.અને ત્યારબાદ આરોપીઓએ ફરીથી સાહેદની બેન પાસે રુપીયા દસ લાખની દુકાન માટે માંગણી કરેલી.અને આ માંગણી કરતા સાહેદના પિતા પાસે આટલી મોટી રકમ ન હોઈ જેથી રકમ આપવાની ના પાડેલી.જેથી સાહેદની બેન ના પતિ એ તેની માતાને એવુ કહેલુ કે, તે મારા નાની ઉંમર મા લગ્ન કરી દીધા તે કરવાની જરુર ન હતી મારે ઘરે કામવાળી જોઈતી ન હતી.ત્યારબાદ સાહેદના પિતાએ દસ લાખ ન મોકલતા સાહેદની બેનને તેના પતિ એ મારકુટ કરેલી જેથી સાહેદ ની બેને તેઓના પિતાને આ બાબતે ફોન કરેલો.ત્યારબાદ બે દિવસ પછી સાહેદ ના પિતા સાહેદની બેન ને તેડવા બાડમેર ગયેલા. સાહેદ ના પિતા બાડમેર ગયેલા ત્યારે આરોપીઓ સાહેદ ની બનેને મારકુટ કરતા હોય તેવી ખબર ન હતી ત્યાં આરોપીઓએ સાહેદ ના પિતાને એવુ કહેલ કે તમારી પાસ પૈસાની સગવડ ના હોય તો તમારી દીકરીને તમારી પાસે લઈ જાઓ.અને તે વખતે સાહેદની બેનના પતિ એ સાહેદ ના પિતાને એવુ કહેલુ કે તમારી પાસે જયારે પૈસાની સગવડ થાય ત્યારે તમારી દીકરીને પરત અમારે ત્યાં મોકલી દેજો.ત્યારબાદ સાહેદ ના પિતા સાહેદ ની બેન ને લઈને સાહેદ ના ફઈ સુરજબેનને ત્યાં ધોરીમન્ના મુકામે ગયેલા.અને એક

રાત સાહેદ ની ફઈબા ના ઘરે સાહેદ ના પિતા તથા સાહેદ ની બેન રહેલા.ત્યારબાદ સાહેદ ના પિતા સાહેદ ની બેન ને લઈને ડીસા આવેલા અને ત્યારબાદ સાહેદ ના પિતાએ તેમના કુંટુંબ ના માણસોને વાત કરેલી કે તમો આરોપીઓને મારી દીકરી ને મારકુટ ન કરે ત્રાસ ન આપે તે બાબતે સમજાવો. જેથી કુંટુંબ ના માણસોએ એવુ જણાવેલુ આરોપીઓ જયારે સાહેદની બેન ને તેડવા આવશે ત્યારે આ બાબતે તેમની સાથે વાત કરીશુ.આ અંગેની ફરીયાદ સાહેદના બેને આપેલી અને પોલીસે બનાવ બાબતે સાહેદનું નિવેદન લીધેલુ.આરોપીઓને સાહેદ ઓળખે છે જે પૈકી ધનજીભાઈ આજરોજ હાજરે છે.બાકીના હાજર નથી.

બચાવપક્ષ દવારા હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસમાં સાહેદ એવી હકીકત કબુલ કરેલ છે કે, સાહેદ તેઓની બેન ના લગ્ન વખતે તથા હાલમા પણ સાહેદ ડીસા રહે છે. સાહેદના કાકા ઓમજી ભાઈ પોલીસમા વર્ષોથી નોકરી કરે છે.એ વાતનો ઈન્કાર કરેલ છે કે,મારા કાકા ઓમજીભાઈ અમારા ઘરે પ્રસંગોપાત આવે છે,ઓમજીભાઈને જ્યારે અમારા ઘરનું કામ હોય ત્યારે આવે છે એ સિવાય આવતા નથી.સાહેદના બેન ની સગાઈ કેટલો ટાઈમ ચાલેલી તે હાલ યાદ નથી પરંતુ આશરે છ સાત વર્ષ જેટલી ચાલેલી હશે.એ વાતનો ઈન્કાર કરેલ છે કે,આ સમય દરમિયાન સાહેદના માતા પિતા તથા સાહેદના વેવાઈ પક્ષના માણસો ડીસા તથા બાડમેર જવા આવવાનું થતું હતું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,અમારે પ્રસંગમાં જવાનું થતું નહીં પરતું અમસ્થા આવતા જતા હતા.એ વાતનો સ્વિકાર કરેલ છે કે,સાહેદના પિતા સોની કામ કરતા નથી. સાહેદની બેન લગ્ન બાદ આશરે એકાદ વર્ષ જેટલો સમય તઓના ના સાસરે રહેલા અને આ એક વર્ષ ના સમય ગાળા દરમિયાન તેઓ આશરે કેટલી વખત ડીસા સાહદના ઘરે આવેલા તે સાહેદને યાદ નથી.એ વાતનો ઈન્કાર કરેલ છે કે,આરોપી મનિષ અગાઉ પણ અભ્યાસ કરતા હતા અને હાલમાં પણ તેમનો અભ્યાસ ચાલું છે.મનીષભાઈ સગાઈથી લગ્ન દરમિયાન કયારેય તેઓના ઘરે ડીસા આવેલા નથી.મનીષભાઈ લગ્ન ના બે દીવસ પછી સાહેદની બેનને ને તેડવા ડીસા આવેલા.સાહેદના લગ્ન થયેલ નથી.અને સાહેદના બેન ભગવતીબેન ના લગ્ન ધોરીમન્ના મુકામે કરેલા

છે.મનીષભાઈ લગ્ન ના બે દીવસ બાદ સાહેદની બેનેને તેડવા આવેલા ત્યાર પછી પણ તેઓ અમારે ત્યાં ડીસા આવેલ પરંતુ ચોકકસ કેટલી વાર આવેલા તે હાલ યાદ નથી.એ વાતનો સ્વિકાર કરેલ છે કે,સાહેદની બેન ની સગાઈ કરેલી ત્યારે ધનજીભાઈ શીક્ષક તરીકે નોકરી કરતા હતા અને તેમનુ કુંટુબ સુખી સંપન હતુ.સાહેદ કયારેય બાડમેર તેઓની બેન ને મળવા ગયેલી નથી.સાહેદે વાતનો ઈન્કાર કરેલ છે કે,તેઓની બેન ને તેડવા માટે તેઓના પિતા સાથે ઘેવરચંદ આત્મારામ સોની,કાંન્તીલાલ રાણમલ સોની આ ત્રણ જણા ગયેલ હતા.સાહેદ બાડમેર તેઓની બેન ના લગ્ન થયા બાદ રીસેપ્સન મા ગયેલી હતી ત્યાં સાહેદ બે કલાક રોકાયેલા.સાહેદે વાતનો ઈન્કાર કરેલ છે કે, સાહેદના મમ્મી મોહીનીદેવી ના ફઈ શાંતીદેવી બાડમેર મુકામે રહે છે.સાહેદની બેનને તેઓના પિતાએ ત્રણ લાખ રુપીયા કયા માધ્યમથી મોકલેલા તેની તેઓને ખબર નથી.સાહેદે વાતનો ઈન્કાર કરેલ છે કે,સાહેદની બેને તેઓના પિતાને સાથે રાખીને ડીસા કોર્ટ મા છુટા છેડા તથા ભરણ પોષણની અરજી કરેલી છે.સાહેદે વાતનો ઈન્કાર કરેલ છે કે, સાહેદની બેન લગ્ન બાદ મોબાઈલ ફોન વાપરતી હતી.સાહેદે વાતનો સ્વિકાર કરેલ છે કે,લગ્ન બાદ સાહેદની બેન તેમના ઘરે ડીસા આવેલી ત્યાં સુધી આરોપીઓએ તેને મોબાઈલ લઈ આપેલ ન હોવાથી તે મોબાઈલ વાપરતી ન હતી.સાહેદે વાતનો ઈન્કાર કરેલ છે કે,આજરોજ સાહેદ કેસ ના કાગળ વાંચીને જુબાની આપે છે.સાહેદે વાતનો ઈન્કાર કરેલ છે કે,સાહેદના માસીઓ પણ બાડમેર મુકામે રહે છે.સાહેદે વાતનો ઈન્કાર કરેલ છે કે,તેઓનું મોસાળ બાડમેર ની નજીક ઉતરલાઈ મુકામે આવેલ છે.સાહેદ સ્વેચ્છાએ જણાવેછે કે સાહેદનું મોસાળ રાજસ્થાન મા આવેલ છે પણ તે ગામનુ નામ ઉતરલાઈ નથી પણ તરા છે.સાહેદે વાતનો ઈન્કાર કરેલ છે કે,સાહેદ સરતપાસ મા જણાઈ ગયેલ તેમ આરોપીઓ સાહેદની બેનને માર કુટ કરેલ નથીકે કોઈ ત્રાસ આપેલ નથી કે કોઈ રકમ ની માંગણી કરેલી નથી.સાહેદે વાતનો ઈન્કાર કરેલ છે કે,સાહેદની બેનના સમર્થનમાં સાહેદ ખોટી જુબાની આપે છે.

(૭) ફરીયાદપક્ષે આંક–૫૦ થી ત.ક.અમલદાર આશાકુમારી બદ્રીપ્રસાદ

શાહને તપાસવામાં આવેલા છે.સદર સાહેદ સોગંદ ઉપરની સરતપાસમાં એવી હકીકત જણાવે છે કે, ગઈ તા. ૧૩/૦૨/૨૦૨૧ના રોજ તેઓ ભીલડી પોલીસ સ્ટેશનમાં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન ફરીયાદી કવિતાબેન આત્મારામભાઈ સોનીએ તા.૧૩/૦૨/૨૦૨૧ ના ૧૭:૪૫ વાગ્યે પી.એસ.ઓ. રૂબરૂ તેઓની ફરીયાદ નોંધાવેલી. જે ફરીયાદ આઈ.પી.સી. કલમ ૪૯૮(ક), ૩૨૩, ૧૧૪ તથા દહેજ ધારા ક.૩,૭ મુજબની ભીલડી પો. સ્ટે.ફ.ગુ.રજી.નં. ૨૧૦૧૦૦/૨૦૨૧ થી પી.એસ.ઓ.એ નોંધી લઈ તપાસ સારૂ તેઓને સોંપેલી જે અસલ ડેપ્યુટ હુકમ આજરોજ તેઓ રજુ કરે છે જે રજુ દા.આંક– ૫૧ જે તપાસના કામે સાહેદોના નિવેદન સાહેદોના લખાવ્યા મુજબના લખેલા.આ કામના ફરીયાદી કવિતાબેનને તેમના પતિ મનિષકુમાર તથા સાસુ પુષ્પાબેન તથા સસરા ધનજીભાઈ બાડમેર રાજસ્થાન મુકામે કલ્યાણ પુરા વિસ્તારમાં ભેગા મળી ફરીયાદી પાસે દહેજપેટે રકમ માંગેલી અને શારિરીક માનસિક ત્રાસ આપેલો તથા આરોપી નં. ૧ના એ આરોપી નં.ર તથા ૩ની ચઢમણીથી ફરીયાદીને અવારનવાર માર મારી ઘરમાંથી કાઢી મુકેલી.આરોપીઓને અટક કરી તેમના વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓને તેઓ ઓળખે છે.જે પૈકી આરોપી નં.૩ આજરોજ નામ.કોર્ટમાં હાજર છે

બચાવપક્ષ દવારા હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે, તપાસના કામે તેઓએ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ નથી. તેઓએ તપાસના કામે બાડમેર મુકામે કોઈના નિવેદન લીધેલા નથી. તેઓએ તપાસના કામે ફરીયાદીના કુટુંબીજનો સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી.એ વાતની મને ખબર નથી કે, ફરિયાદીના કાકા પોલિસમાં ફરજ બજાવે છે કે કેમ? એ વાતનો સ્વિકાર કરેલ છે કે,હાલની ફરિયાદ થયા બાદ આરોપી નં.૩નાઓએ ફરિયાદીની નિષ્પક્ષ અને તટસ્થ તપાસ કરવાની અરજી ભિલડી પો.સ્ટે તથા એસ.પીને આપેલી, એ વાતનો ઈન્કાર કરેલ છે કે, મેં સાહેદોના નિવેદન ફરિયાદને અનુરુપ થાયે તે રીતે મારી જાતે લખી લિધેલાં.આરોપી નં.૩નાઓએ આપેલ અરજી અનુસંધાને કોઈ નિષ્પક્ષ કે તટસ્થ તપાસ કરેલ નહી,ફરિયાદીને કોઈ દુઃખ ત્રાસ આપવામાં આવેલ નહીં કે કોઈ

દહેજ માંગવામાં આવેલ નહીં,કે કોઈ શારિરક કે માનસિક ત્રાસ આપવામાં આવેલ નહીં,એ વાતનો ઈન્કાર કરેલ છે કે,આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૮) બચાવપક્ષે આંક–૫૯ થી સાહેદ નારણદાસ તુલસારામ સોનીને તપાસવામાં આવેલા છે.સદર સાહેદ સોગંદ ઉપરની સરતપાસમાં એવી હકીકત જણાવે છે કે, આ કામના આરોપી તથા ફરીયાદીને તેઓ ઓળખે છે. અને બંને તેઓના સમાજના જ છે. આ કામના આરોપી મનીષભાઈ સાહેદના પાડોશમાં જ રહે છે.અને સમાજના નાતે તેઓને મનીષભાઈના ઘરે આવવા જવાનુ થાય છે. સાહેદન આ કામના આરોપીના લગ્નમાં ડીસા આવેલ હતા. આ કામના ફરીયાદીના પીતા આત્મારામ આરોપીના ઘરેથી તેની દીકરી કવીતાને તેડવા આવેલ હતા ત્યારે સાહેદના સાથે ઘરની બહાર તેઓએ ઠંડુ પીણુ પીધેલ હતું અને તે વખતે સાહેદને આત્મારામભાઈએ તેઓની દીકરી બાબતે કોઈજ વાતચીત કરેલ ન હતી. મનીષાબેનને તેના સાસરે કેવી રીતે રાખતા હતા તેની સાહેદને ખબર નથી પરંતુ સાહેદે બીજી કોઈ વાત સાંભળેલ નથી. કવીતાબેને ડીસા કોર્ટમાં કરેલ કેશમાં સમાધાન કરવા માટે સાહેદ પણ મનીષભાઈ સાથે કવીતાબેને તેડી જવા માટે ગયેલ હતા. તેમજ સાહેદ કવીતાબેનને તેડવા માટે સમાજની બેઠક બોલાવેલ હતી તેમાં પણ ગયેલ હતા.

બચાવપક્ષ દવારા હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે, આ કામના ફરીયાદીને સાહેદ ફરિયાદીના લગ્ન વખતેથી જ તેઓ ઓળખે છે. અને આ કામના આરોપીઓને સાહેદ લગ્ન પહેલાથી ઓળખે છે અને આરોપીઓ સાહેદના પાડોશી થાય છે.એ વાતનો સ્વિકાર કરેલ છે કે,સાહેદનું ઘર આરોપીના ઘરથી ૧૦૦ મીટર દુર આવેલ હોય જેથી આરોપીઓના ઘરની ચાર દિવાલ વચ્ચે શુ થાય છે તેની સાહેદને ખબર પડી શકે નહી.એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મારવાડી લોકોના લગ્નમાં દીકરીને તેના પીતાજી તેની હેસીયત મુજબ કરીયાવર આપતા હોય છે, કોઈપણ દીકરીને સાસરે તકલીફ થાય તો તે અંગેની પ્રથમ વાત તેના પિયરપક્ષમાં કરે છે પાડોશીઓને સામાન્ય રીતે કરતા નથી.સાહેદ સમાજની બેઠકમાં સમાધાન માટે ગયેલ ત્યારે આત્મારામભાઈએ

પણ તેઓની દીકરીની હકીકત સમાજ વચ્ચે જણાવેલ હતી. જેમાં તેમણે જણાવેલ કે આરોપીઓનું મકાન જુનુ છે અને આરોપી મનિષભાઈનું શરીર જાડું છે તેવી તકલીફ હોવાનું જણાવેલ.એ વાતનો ઈન્કાર કરેલ છે કે,સમાજની બેઠકમાં અત્મારામભાઈએ એવું જણાવેલ છે કે, તેઓની દિકરીને આરોપીઓ શારિરિક માનસિરક ત્રાસ આપે છે.તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,આરોપીઓ મારા પાડોશી થતા હોઈ તેને મદદ કરવા તેના સમર્થનમાં હું ખોટી જુબાની આપું છું.

(૯) બચાવપક્ષે આંક–૬૦ થી સાહેદ અશોકકુમાર હરચંદજી સોનીને તપાસવામાં આવેલા છે. સદર સાહેદ સોગંદ ઉપરની સરતપાસમાં એવી હકીકત જણાવે છે કે,સદર સાહેદ સોગંદ ઉપરની સરતપાસમાં એવી હકીકત જણાવે છે કે, આ કામના આરોપી તથા ફરીયાદીને તેઓ ઓળખે છે. અને બંને તેઓના સમાજના જ છે. આ કામના આરોપી મનીષભાઈ સાહેદના પાડોશમાં જ રહે છે.અને સમાજના નાતે તેઓને મનીષભાઈના ઘરે આવવા જવાનુ થાય છે. સાહેદન આ કામના આરોપીના લગ્નમાં ડીસા આવેલ હતા. આ કામના ફરીયાદીના પીતા આત્મારામ આરોપીના ઘરેથી તેની દીકરી કવીતાને તેડવા આવેલ હતા ત્યારે સાહેદના સાથે ઘરની બહાર તેઓએ ઠંડુ પીણુ પીધેલ હતું અને તે વખતે સાહેદને આત્મારામભાઈએ તેઓની દીકરી બાબતે કોઈજ વાતચીત કરેલ ન હતી. મનીષાબેનને તેના સાસરે કેવી રીતે રાખતા હતા તેની સાહેદને ખબર નથી પરંતુ સાહેદે બીજી કોઈ વાત સાંભળેલ નથી. કવીતાબેને ડીસા કોર્ટમાં કરેલ કેશમાં સમાધાન કરવા માટે સાહેદ પણ મનીષભાઈ સાથે કવીતાબેને તેડી જવા માટે ગયેલ હતા. તેમજ સાહેદ કવીતાબેનને તેડવા માટે સમાજની બેઠક બોલાવેલ હતી તેમાં પણ ગયેલ હતા.આ કામના આરોપી ધનજીભાઈના મોટાભાઈ પ્રકાશભાઈનું અવસાન થયેલ તે સમયે તેઓના પરિવારના સોના–ચાંદીના દરદાગીના સાહેદને ત્યાં રાખેલા હતા.

બચાવપક્ષ દવારા હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકીકત કબુલ કરે છે કે, આ કામના ફરીયાદીને સાહેદ ફરિયાદીના લગ્ન વખતેથી

જ તેઓ ઓળખે છે. અને આ કામના આરોપીઓને સાહેદ લગ્ન પહેલાથી ઓળખે છે અને આરોપીઓ સાહેદના પાડોશી થાય છે.એ વાતનો સ્વિકાર કરેલ છે કે,સાહેદનું ઘર આરોપીના ધરથી ૧૦૦ મીટર દુર આવેલ હોય જેથી આરોપીઓના ઘરની ચાર દિવાલ વચ્ચે શુ થાય છે તેની સાહેદને ખબર પડી શકે નહી.એ વાતનો સ્વિકાર કરેલ છે કે, મારવાડી લોકોના લગ્નમાં દીકરીને તેના પીતાજી તેની હેસીયત મુજબ કરીયાવર આપતા હોય છે, કોઈપણ દીકરીને સાસરે તકલીફ થાય તો તે અંગેની પ્રથમ વાત તેના પિયરપક્ષમાં કરે છે પાડોશીઓને સામાન્ય રીતે કરતા નથી.સાહેદ સમાજની બેઠકમાં સમાધાન માટે ગયેલ ત્યારે આત્મારામભાઈએ પણ તેઓની દીકરીની હકીકત સમાજ વચ્ચે જણાવેલ હતી. જેમાં તેમણે જણાવેલ કે આરોપીઓનું મકાન જુનુ છે અને આરોપી મનિષભાઈનું શરીર જાડું છે તેવી તકલીફ હોવાનું જણાવેલ.એ વાતનો ઈન્કાર કરેલ છે કે,સમાજની બેઠકમાં અત્મારામભાઈએ એવું જણાવેલ છે કે, તેઓની દિકરીને આરોપીઓ શારિરિક માનસિરક ત્રાસ આપે છે.તેઓએ એ વાતનો ઈન્કાર કરેલ છે કે,આરોપીઓ મારા પાડોશી થતા હોઈ તેને મદદ કરવા તેના સમર્થનમાં હું ખોટી જુબાની આપું છું.

(૧૦) ફરીયાદપક્ષ અને બચાવપક્ષ દ્વારા રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

<u>મુદ્દા નં.૧</u>: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આ કામના આરોપીઓએ એક બીજાના મેળાપીપણામાં ફરીયાદી પાસે ખોટી રીતે દહેજ માટે વધુ રકમ માંગી અને શારીરીક માનસીક ત્રાસ આપી તથા આરોપી નં.૧ નાઓએ ફરીયાદીના સાસુ સસરાની ચડામણીથી ફરીયાદીને અવાર નવાર માર મારી, ઘરમાંથી ફરીયાદીના પિતાજી સાથે કાઢી મુકી, ગુનો કરવામાં

એક બીજાની મદદગારી કરી,આરોપીઓએ ઈ. પી. કો. કલમ–૪૯૮(ક), ૩૨૩,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩,૭ મુજબના શિક્ષાપાત્ર ગુના કરેલ છે?

મુદ્દા નં.૨ : શું હુકમ?

**( ૧૧ )** ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારાત્મક

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના નિર્ણય અંગે મારા કારણો નીચે મુજબ છે.

**–કારણો–(પુરાવાનું મુલ્યાંકન)**

**–: મુદ્દા નં.૧:–**

**( ૧૨ )** ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા, ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનુ મુલ્યાંકન, વિશ્લેષણ કરતી વખતે ના. સર્વોચ્ચ અદાલતે Balu Sudam Khalde vs The State Of Maharashtra (CRIMINAL APPEAL NO. 1910 OF 2010) ના તા.૨૯/૦૩/૨૦૨૩ ના રોજ પ્રસ્થાપિત થયેલ કેટલાંક સિંધ્ધાંતો લક્ષમાં લેવા જરુરી છે, જે નીચે મુજબ છે.

APPRECIATION OF ORAL EVIDENCE

25. The appreciation of ocular evidence is a hard task. There is no fixed or straight-jacket formula for appreciation of the ocular evidence. The judicially evolved principles for appreciation of ocular evidence in a criminal case can be enumerated as under:

"I. While appreciating the evidence

of a witness, the approach must be whether the evidence of the witness read as a whole appears to have a ring of truth. Once that impression is formed, it is undoubtedly necessary for the Court to scrutinize the evidence more particularly keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by the witness and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief.

II. If the Court before whom the witness gives evidence had the opportunity to form the opinion about the general tenor of evidence given by the witness, the appellate court which had not this benefit will have to attach due weight to the appreciation of evidence by the trial court and unless there are reasons weighty and formidable it would not be proper to reject the evidence on the ground of minor variations or infirmities in the matter of trivial details.

III. When eye-witness is examined at length it is quite possible for him to make some discrepancies. But courts should bear in mind that it is only when discrepancies in the evidence of a witness are so incompatible with the credibility of his version that the court is justified in jettisoning his evidence.

IV. Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper technical approach by taking

sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole.

V. Too serious a view to be adopted on mere variations falling in the narration of an incident (either as between the evidence of two witnesses or as between two statements of the same witness) is an unrealistic approach for judicial scrutiny.

VI. By and large a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen.

VII. Ordinarily it so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the occurrence which so often has an element of surprise. The mental faculties therefore cannot be expected to be attuned to absorb the details.

VIII. The powers of observation differ from person to person. What one may notice, another may not. An object or movement might emboss its image on one person's mind whereas it might go unnoticed on the part of another.

IX. By and large people cannot accurately recall a conversation and reproduce the very words used by

them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder.

X. In regard to exact time of an incident, or the time duration of an occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends on the time-sense of individuals which varies from person to person.

XI. Ordinarily a witness cannot be expected to recall accurately the sequence of events which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up when interrogated later on.

XII. A witness, though wholly truthful, is liable to be overawed by the court atmosphere and the piercing cross examination by counsel and out of nervousness mix up facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The sub-conscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved though the witness is giving a ruthful and honest account of the occurrence witnessed by him.

XII. A former statement though

seemingly inconsistent with the evidence need not necessarily be sufficient to amount to contradiction. Unless the former statement has the potency to discredit the later statement, even if the later statement is at variance with the former to some extent it would not be helpful to contradict that witness." [See Bharwada Bhoginbhai Hirjibhai v. State of Gujarat 1983 Cri LJ 1096: (AIR 1983 SC 753) Leela Ram v. State of Haryana AIR 1995 SC 3717 and Tahsildar Singh v. State of UP (AIR 1959 SC 1012)]

26. When the evidence of an injured eye-witness is to be appreciated, the under-noted legal principles enunciated by the Courts are required to be kept in mind:

(a) The presence of an injured eye-witness at the time and place of the occurrence cannot be doubted unless there are material contradictions in his deposition.

(b) Unless, it is otherwise established by the evidence, it must be believed that an injured witness would not allow the real culprits to escape and falsely implicate the accused.

(c) The evidence of injured witness has greater evidentiary value and unless reasons exist, their statements are not to be discarded lightly.

(d) The evidence of injured witness cannot be doubted on account of some embellishment in natural conduct or minor contradictions.

(e) If there be any exaggeration or immaterial embellishments in the evidence of an injured witness, then such contradiction, exaggeration or embellishment should be discarded from the evidence of injured, but not the whole evidence.

(f) The broad substratum of the prosecution version must be taken into consideration and discrepancies which normally creep due to loss of memory with passage of time should be discarded.

27. In assessing the value of the evidence of the eyewitnesses, two principal considerations are whether, in the circumstances of the case, it is possible to believe their presence at the scene of occurrence or in such situations as would make it possible for them to witness the facts deposed to by them and secondly, whether there is anything inherently improbable or unreliable in their evidence. In respect of both these considerations, circumstances either elicited from those witnesses themselves or established by other evidence tending to improbabilise their presence or to discredit the veracity of their statements, will have a bearing upon the value which a Court would attach to their evidence. Although in cases where the plea of the accused is a mere denial, the evidence of the prosecution witnesses has to be examined on its own merits, where the accused raise a definite plea or put forward a positive case which is inconsistent with that of the prosecution, the nature of such plea or case and the probabilities in respect of it will also have to be taken into account while assessing the value of the prosecution

evidence.

(૧૩) આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકનને લગતી મહત્વની બાબતની ચર્ચા કરવી અત્રે જરૂરી બને છે. ભારતીય ન્યાય તંત્રમાં પુરાવાના મુલ્યાંકન માટે કાયદા ધ્વારા પ્રસ્થાપિત કોઈ સર્વ સામાન્ય નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં જણાવેલ સાબિત, ના સાબિત તથા બિન સાબિત ની વ્યાખ્યા પર આધારીત છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ અને કલમ–૧૦૨ સાબિતીનો બોજો અને સાબિતીનો બોજો કોના ઉપર છે, તે બાબત પર પ્રકાશ પાડે છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ, ''સાબિતીનો બોજો જે એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ હક અથવા જવાબદારી વિષે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.'' ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૨ મુજબ ''બેમાંથી કોઈ પક્ષકાર તરફથી પુરાવો આપવામા ન આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો છે.'' સદર જોગવાઈ મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો છે. ફરીયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહીને સાબિત કરવાની હોય છે, જયારે આરોપીએ પોતાના બચાવમાં ફકત સંભવિતતાની શકયતા દર્શાવવાની હોય છે. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. ઉપરોકત મુજબના કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે હાલના કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**(૧૪)** આરોપી ઓ સામે ઈ.પી.કો. કલમ–૪૯૮(ક), ૩૨૩, મુજબનો આક્ષેપ છે. તેથી આગળ પુરાવાની ચર્ચા કરતા પહેલા આરોપી ઓ સામે જે કલમ હેઠળના આરોપો છે.તે કલમના આવશ્યક તત્વોની ચર્ચા કરવી આવશ્યક છે.

**ઈ.પી.કો. કલમ–૪૯૮(ક) ના તત્વો**

(૧) ભોગ બનનાર સ્ત્રી પરણીત હતી,

(૨) આવી સ્ત્રીને કૃરતાનો ભોગ બનાવવામાં આવી હતી,

(૩) એવુ ઈરાદા પુર્વકનુ વર્તન કરવામાં આવ્યુ હતુ કે જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીન્દગી, શરીરના કોઈ અવયવ કે માનસીક અથવા શારીરીક આરોગ્યને જોખમમાં મુકવા પ્રેરાય, અથવા

(૪) સ્ત્રી કે તેણીના સગા દબાણથી કોઈ મિલકત કે કિમતી જામીનગીરી માટેની ગેરકાનુની માંગણી પુરી કરે તે માટે ત્રાસ આપવામાં આવે અથવા સ્ત્રી કે તેણીના સગા આવી માંગણી સંતોષી શકયા ન હોય તે માટે આવો ત્રાસ આપવામાં આવતો હોય,

(૫) આવી કૃરતા અથવા ત્રાસ પતિ કે પતિના સગા ધ્વારા આપવામાં આવ્યો હોય.

**ઈ.પી.કો. કલમ– ૩૨૩ તત્વો**

(૧). આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા,

(૨). આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે. તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યું હતું.

**(૧૫)** વધુમાં, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક) મુજબનો ગુન્હો કયારે સાબીત થયેલ ગણાય તે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **Indrasing M.Raol Versus State Of Gujarat (1999 (0) AIJEL-HC 205094૯** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

> "12.....Whether such solitary incident can be considered to be the cruelty or harassment envisaged by Sec. 498-A of Indian Penal Code is the question posed for consideration. As made clear, hereinabove, every act of cruelty or harassment is not made a crime under Sec. 498-A. The prosecution has to, as made clear hereinabove, establish that the cruelty or harassment was unabated, incessant and persistent and being grave in nature unbearable; and the same was with the intention to force the woman to commit suicide or to fulfil illegal demand or dowry of the husband or her in-laws. At this stage, reference of two decisions may be made. The High Court of Bombay has also taken the same view in the case of Sarla Prabhakar Waghmare V/s. State of Maharashtra 1990 Cr. L. J. 407 observing that every harassment or every type of cruelty would not attract Sec. 498-A. It must be established that beating and harassments was with a view to force the wife to commit suicide or fulfil illegal demands of husband or her in-laws. The Supreme Court has also taken the same view in the case of State of Maharashtra v. Ashok Chotelal Shukla, (1997) 11 SCC 26 observing that the prosecution has to establish that the accused committed acts of harassment or cruelty as contemplated by Sec. 498-A, and such harassment or cruelty must be the cause forcing the wife to commit the suicide. What can be deduced from these authorities is that a solitary incident cannot be interpreted to be the sufficient evidence of cruelty or harassment attracting Sec. 498-A because in that case,

incessant, persistent and sufficiently grave cruelty as is likely to drive the woman to a point of desperation leaving her with no option except to think about suicide will be absent. In other words, a single incident will not incite a woman to commit suicide the improvident act, believing that life is now not worth living. Even if in some case it incites, the same will not attract Sec. 498-A as persistency or incessancy will be lacking. The section when envisages that cruelty or harassment must be unabated continuous or recurring and unbearable, one or two incidents casually taking place, may therefore, attract another penal provisions of I. P. Code, but will not attract Section 498-A of Indian Penal Code. What is further necessary may be elucidated.

**MAHALAKSHMI & ORS. V. THE STATE OF KARNATAKA & ANR., CRIMINAL APPEAL NO. 494/2023** the hon'ble supreme court held that *One instance unless portentous, in the absence of any material evidence of interference and involvement in the marital life of the complainant, may not be sufficient to implicate the person as having committed cruelty under section 498A of the IPC.*

વધુમાં,નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **State Of Gujarat Versus Babubhai Hardas Modhvadiya** (2007 (0) **AIJEL–HC 220962**) ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

"23. For the prosecution to bring home the charge under Section 498A of the Indian Penal Code, it has to be proved that the woman is subjected to `cruelty' which has been defined to mean any wilful conduct which is of such a nature as is likely to drive the woman to commit suicide or to cause grave injury or danger to life, limb or health (whether mental or

physical) of the woman.... In the case on hand, there is not an iota of evidence that the respondents subjected the deceased to cruelty of the nature as described above. In fact, the evidence is to the contrary. Similarly, for the prosecution to prove the charge under Section 306 of the Indian Penal Code, there must be evidence on record to show that soon before the incident there was harassment of an incessant, persistent and unbearable nature to the deceased at the hands of the accused persons which could have led the deceased to commit suicide. Section 107 of the Indian Penal Code deals with abetment and in order to constitute this offence, the following ingredients, namely (a) instigation to commit the offence, (b) engaging in conspiracy to commit the offence and, (c) aiding the commission of the offence, have to be present. It, therefore, necessarily follows that there should have been some active suggestion or support from the accused persons to the deceased for the commission of the offence by their acts or omissions or some kind of instigation or provocation. In Ramesh Kumar V/s. State of Chhattisgarh, 2001 9 SCC 618, `instigation' has been described as under:

આમ, ઉપરોકત કાનુની ચુકાદા મા પ્રસ્થાપીત સીધ્ધાત ધ્યાને લેતા ફરીયાદ પક્ષે એ હકીકત પુરવાર કરવાની રહે છે કે આરોપીઓ દ્વારા એવું કોઈ ઈરાદાપુર્વકનું વર્તન કરવામાં આવેલું કે જે વર્તનના પરિણામે ફરીયાદીબેન આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીંદગી શરીરના કોઈ આવયવો કે આરોગ્યને ભયમાં મુકવા પ્રેરિત થયા હોય અથવા આરોપીની ગેરકાયદેસર ની માંગણીઓ પુરી કરવા સારુ ફરીયાદીને ત્રાસ આપવામા આવેલ છે. આમ, ઉપરોકત કાનુની ચુકાદા મા પ્રસ્થાપીત સીધ્ધાત

તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૪૯૮(ક) ની કાનુની જોગવાઈ મા ક્રુરતા ની આપેલ વ્યાખ્યાના પ્રકાશમા ફરીયાદ પક્ષના પુરાવાનુ મુલ્યાકન કરવામા આવશે.

**(૧૬)** ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૨૦ થી ફરીયાદી કવીતાબેન આત્મારામ સોનીને તપાસેલ છે. તેઓએ ધ્વારા રજૂ કરવામાં આવેલ આંક–૨૧ વાળી તા.**૧૩/૦૨/૨૦૨૧** ના રોજ વાળી ફરિયાદમાં તેઓ સ્પષ્ટ પણે જણાવે છે કે,"... મને પહેરેલ કપડે મારા પિતાજી સાથે ઘરમાંથી કાઢી મુકેલ અને મારા પિતાજી મને પોતાની સાથે મારા પિયર અહી ડીસા લાવેલ અને **હું છેલ્લા બે વર્ષથી મારા પિયરમાં ડીસા મુકામે મારા માતા પિતા સાથે રહું છું**..." આમ, ફરિયાદી ધ્વારા હાલની ફરિયાદ બે વર્ષ મોડી આપવામાં આવેલ છે. આ કામે આંક–૩૮ થી સાહેદ આત્મારામ ચોથારામ સોની પોતાની જુબાનીમાં જણાવે છે કે "... **તેમ કહી મારી દીકરીને ધકકો મારી પહેરેલ કપડે મારી સાથે કાઢી મુકેલ જેથી મારી દીકરીને લઈને હું ડીસા આવેલો. ત્યારબાદ મેં સમાજના માણસોને આ બાબતે વાત કરેલી પરંતુ સમાજના માણસોએ એવું જણાવેલ કે આ આરોપીઓ માથાભારે માણસો છે તેમનું કશું થાય નહિ. ત્યારબાદ બાર માસ મારી દીકરી રાહ જોઈને ઘરે બેસેલ પરંતુ ત્યારબાદ પણ કોઈ નિરાકરણ ના થતાં મારી દીકરીએ હાલની ફરીયાદ કરેલી...**" આથી સ્પષ્ટ થાય છે કે હાલની ફરિયાદ બે વર્ષ જેટલી મોડી આપવામાં આવેલ છે અને ફરિયાદીએ પોતાની જુબાનીમાં મોડી ફરિયાદ આપવા અંગે કોઈ યોગ્ય કારણ જણાઈ તે સંબંધે પુરાવો આપેલ નથી. પ્રથમ માહિતી અહેવાલ નોંધવામાં જ્યારે પણ વિલબ થાય તથા તેવો વિલંબ થવા માટે સંતોષકારક ખુલાસો કરવામાં ન આવે તો તે કારણ ફરિયાદ ગોઠવીને કરવામાં આવી હોય તથા તહોમતદારોને ખોટી રીતે સંડોવવામાં આવતા હોય તેવું માંનવા માટે કારણ રહી શકે છે. જ્યારે ગંભીર ગુન્હો બને ત્યારે કોઈ કારણ વગર વિલંબ શકાસ્પદ બની જાય છે. આ ખુલાસો ફરિયાદ પક્ષ તથા ખાસ કરીને માહિતી આપનારે આપવાનો રહે છે. વિલંબ થવા માટે વાજબી કારણ ફલિત થાય તો વિલંબના કારણે કેસની ગુણવતા પર અસર થતી નથી. આ કામે નામદાર સર્વોચ્ચ અદાલતના નિર્ણય જોવામાં આવે તો–

**Palani v. State of Tamil Nadu, Criminal Appeal No.1100 of 2009**, The Supreme Court has observed that even a long delay in registration of First Information Report (FIR) can be condoned if the witness has no motive for falsely implicating the accused.

**State of AP vs.M.Madhusudhan Rao, reported in (2008) 15 SCC 582**, at para 30 has held as follows: "30. Time and again, the object and importance of prompt lodging of the first information report has been highlighted. Delay in lodging the first information report, more often than not, results in embellishment and exaggeration, which is a creature of an afterthought. A delayed report not only gets bereft of the advantage of spontaneity, the danger of the introduction of a coloured version, an exaggerated account of the incident or a concocted story as a result of deliberations and consultations, also creeps in, casting a serious doubt on its veracity. Therefore, it is essential that the delay in lodging the report should be satisfactorily explained."

જેથી સ્પષ્ટ થાય છે કે ફરિયાદીએ હાલની ફરિયાદ બે વર્ષ જેટલી મોડી આપેલ છે અને સદર ફરિયાદ મોડી આપવા અંગે કોઈ યોગ્ય કારણો ફરિયાદીએ પોતાની જુબાની કે ફરિયાદમાં જણાવેલ નથી.

(૧૭) આ કામે સદર કેસની સમગ્ર હકીકત જોવામાં આવે તો સદર કેસમાં આત્મારામ ચોથારામ સોની તે ફરિયાદીના પિતા છે.અને સાહેદ જયશ્રીબેન આત્મારામ સોની તે ફરિયાદીના બહેન છે. આ કામે ફરિયાદી પક્ષે ફરિયાદના સમર્થનમાં પોતાના પિતા અને બહેનને તપાસેલ છે. વધુમાં ફરીયાદી પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે,**''તેઓના લગ્ન પાંચ વર્ષ પહેલા તા. ૨૯.૪.૧૮ ના રોજ બાડમેરના મનીષકુમાર ધનજી સોની સાથે સામાજીક**

રીતરીવાજ મુજબ થયેલા. તેઓના લગ્ન વખતે તેઓને તેઓના પિતાએ કરીયાવરમાં ૫૦ ગ્રામ સોનાનો હાર ૫૦ ગ્રામનો હાથ પંજો, ૨૦ ગ્રામની વીંટી નંગ ૩, ચાંદીનો થાળી લોટો, ૫૦ ગ્રામનો કંદોરો, કપડા, ફ્રીજ, ટીવી, ફર્નીચર એમ કુલ રુ. ૯,૦૦,૦૦૦/- નો કરીયાવર આપેલો. તેઓની સાસુ નાની બાબતોમાં વાંક કાઢી તેઓના પતિ પાસે તેઓને માર ખવરાવતા હતા. તેઓના સસરા તેઓને મહેણા ટોણા મારતા હતા કે દહેજમાં કંઇ લાવેલ નથી અને તેઓના પતિ પાસે મારઝુડ કરાવતા હતા. ત્યારબાદ તેઓના સાસુ સસરા અને પતિએ તેઓને કહેલ કે તેઓ દહેજમાં કંઈ લાવેલ નથી તેઓના પિતા પાસેથી બાડમેરમાં દુકાન કરવા માટે રુપીયા ત્રણ લાખ લઈ આવવા જણાવેલ. ત્યારબાદ આ વાત તેઓએ પિતાને કરેલી, તેઓના પિતાએ તેઓના પતિ, સાસુ-સસરાની હાજરીમાં રુપીયા ત્રણ લાખ તેઓના સસરાને આપેલા. આ પૈસા તેઓના સસરાએ વાપરી નાખેલ અને ફરી તેઓને કહેલ કે ત્રણ લાખે થોડી દુકાન થાય તેમ કહી બીજા દસ લાખ રુપીયાની માંગણી કરેલ. તેઓના પિતા એવુ કહેલ કે આટલા રુપીયાની તેઓના થી વ્યવસ્થા થાય તેમ નથી તેથી તેઓના પતિ સાસુ સસરા તેઓને શારીરીક માનસીક ત્રાસ આપતા હતા અને ખોટી રીતે હેરાન પરેશાન કરવા લાગેલ. તેઓના પતિ તેઓની સાસુ સસરાની વાતોમાં આવી કેટલીક વાર તેઓને દીવાલ સાથે માથું ભટકાવતા હતા અને લાકડી વડે માર મારતા હતા. બચાવપક્ષ દવારા હાથ ધરવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતનો સ્વીકાર કરે છે કે,આ ત્રણ લાખ રુપિયાનો વ્યવહાર તેઓની હાજરી માં થયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓના પિતાએ તેઓના સસરાને તેમના ઘરે બાડમેર મુકામે આપેલા, તેઓ પિતા સાથે પિયર ચોક્કસ કઈ તારીખે આવેલી તેવી હકીકત ફરીયાદમાં જણાવેલ નથી, તેઓએ કહેવાતો બનાવ અને કહેવાતો આક્ષેપ ચોક્કસ કઈ તારીખે બનેલો તેવી હકીકત ફરીયાદમાં જણાવેલ નથી." આમ, ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો વાંચણે લેતા ફરિયાદમાં જણાવેલ શારીરિક અને માનસિક ત્રાસ સબંધે તથા દહેજ સંબંધે ની માંગણી આરોપીઓ ધ્વારા કઈ તારીખે અને ક્યારે કરવામાં આવેલ છે તે સંબંધે ફક્ત જનરલ આક્ષેપો કરવામાં આવેલ છે કોઈ

**પુરાવો તે સંબંધે નો તેઓ ધ્વારા આપવામાં આવેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ACHIN GUPTA VS STATE OF HARYANA & ANR. ( CRIMINAL APPEAL NO. 2379 OF 2024 ) આપવામાં આવેલ ચુકાદાને ધ્યાને લીધું.** આમ, હાલના કેસમાં દહેજ અંગેની કોઈ માંગણી કરવામાં આવેલ હોય કે આરોપીઓ ને કોઈ દહેજ આપવામાં આવેલ હોય તેવું જણાઈ આવતું નથી કે આરોપીઓએ ફરિયાદીને કોઈ માર મારેલ હોય તેવું પણ જણાઈ આવતું નથી.

(૧૮) આમ, ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદી પક્ષના ધ્વારા આરોપીઓ સામે જે આક્ષેપો કરવામા આવેલ છે તે આક્ષેપો માનીશકાય તેમ નથી. વધુમાં ભારતીય દંડ સંહીતાની કલમ–૪૯૮(ક) તથા ઉપરોકત ચુકાદામા આ ગુન્હો સાબીત કયારે માની શકાય તે સિધ્ધાંત ધ્યાને લેતા પણ ફરીયાદીએ તેમની જુબાનીમા દુ:ખ ત્રાસ અંગે સાતત્ય ભર્યો પુરાવો આપેલ નથી. વધુમાં આઈ.પી.સી.કલમ–૪૯૮(ક) મુજબનો ગુનો ત્યારે જ સાબીત માની શકાય જયારે ત્રાસ ગુજારવામા આવેલ હોય તે ત્રાસ સતત અને અસહ્ય હોય, અને તે ત્રાસ એવા ઈરાદાથી આપવામા આવેલ હોય કે જેથી કોઈ સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા તો ફરીયાદીના સગા થતા હોય તેને કે ફરીયાદીને દબાણથી કોઈ મિલ્કત કે કિંમતી જામીનગીરી માટેની કોઈ ગેરકાનુની માંગણી પૂરી કરે તે માટે આપવામાં આવેલ હોય. આમ, આ કામે જયારે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર આ કામે તપાસવામાં આવેલ ફરીયાદીનો કે સાહેદોનો પુરાવો વિશ્વાસપાત્ર જણાંતો ન હોય, તેમજ ફરીયાદપક્ષ ધ્વારા આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદીને ઈરાદાપૂર્વક તેઓ આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે કે શરીરના કોઈ અવયવ કે આરોગ્યને ભયમાં મુકે તેવો સતત તથા સહન નથાય તેવો કોઈ ત્રાસ આપેલ હોય અથવા આરોપીઓ

ફરીયાદીના સગા થતા હોય તેને કે ફરીયાદીને દબાણથી કોઈ મિલ્કત કે કિંમતી જામીનગીરી માટેની કોઈ ગેરકાનુની માંગણી પૂરી કરે તે માટે અથવા ફરીયાદીના સગા આવી માંગણી સંતોષી શકયા ન હોય તે માટે આરોપીઓએ ફરીયાદીને દહેજની માંગણી કરી, ફરીયાદીને માર મારી, સારીરીક તેમજ માનશીક ત્રાસ આપતા હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી ના હોઈ, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર તળે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપીઓ (૧) **મનીષકુમાર ધનજી ઉર્ફે ધનરાજજી સોની** (૨) **ધનજી ઉર્ફે ધનરાજજી હંજારીજી સોની** (૩) **પુષ્પાબેન ઉર્ફે પુષ્પાદેવી ધનજી ઉર્ફે ધનરાજ સોની,નાઓને** ફોજદારી કાર્યરીતી સંહિતા–૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે,ઈ.પી.કો.કલમ–૪૯૮(ક),૩૨૩,૧૧૪ તથા દહેજ ધારા કલમ–૩,૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે આરોપીઓએ અગાઉ આપેલ જામીન ફોજદારી કાર્યરીતી સહિતા ૧૯૭૩ની કલમ–૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તા. ૧૦ મી, માહે. માર્ચ , સને. ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : લાખણી.
તારીખ : ૧૦/૦૩/૨૦૨૬

**(કુલદીપ આર. શર્મા)**
જયુડીશ્યલ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
લાખણી
કોડ નં.જી.જે.૦૧૬૪૧